## Recitation of Ana(n)t Akhādo over 40 days

## Day 35

આશાજી હરીચંદ્ર ભગત આપે ઉધાર્યા, તારા રાણી તેની નારજી;
રોહીદાસ કુંવર સુતજ કહીએ, પોહોતા વઈકુંઠ વાસ. હરી. (૪૨૬)

આશાજી સાત કરોડ મુનીવર સીધા, સોંહી હરીચંદ્ર સાથેજી;
ગીનાન વીચારી જે જીવ ચાલ્યા, તે પોંહોતા દેવ દુઆર. હરી. (૪૨૭)

આશાજી કાન રૂપે કઈ જીવ તાર્યા, તેનો અંત ન પારજી;
હસતા રમતા પુતના મારી, માર્યો કંસાસુર રાય. હરી૦ (૪૨૮)

આશાજી મામો કંસાસુર ભાણેજે માર્યો, તેનો અંત ન પાયાજી;
લોક દેખતા મામાને માર્યો, કીધું આપ રાજ. હરી૦ (૪૨૯)

આશાજી સહદેવ ભગત ભગતી કીધી, તેના કીધા કામજી;
ભગત ઉગારી દાણવ માર્યા, કીધા રખીસરના કામ. હરી૦ (૪૩૦)

આશાજી બુધ રૂપે પાંડવને તાર્યા, કીધા પાંડવોના કામજી;
જુજેષ્ઠણ ભગત ઉગાર્યા, કીધા ભગતોના કામ. હરી૦ (૪૩૧)

આશાજી દુરજોધન શાહ આપે સંગાર્યા, કોરવ સરવે માર્યાજી;
મારી દાણવ નીરવંશજ કીધા, કીધા આપોહી આપ. હરી૦ (૪૩૨)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 35 (continued)

આશાજી કલમાંહે પાત્ર નીકલંકી આવ્યા, નર અવતાર ઈલાહીજી;
સોહી અવતાર અલી મલેછમા બેઠા, જાણો શ્રી ઈસ્લામશાહ.
હરીૹ (૪૩૩)

આશાજી એણે અવતારે કાલીંગાને મારશે, દાણવને સોહી સંગારશેજી;
મારી દાણવ સામી ખેલ કરશે, રખીસર ઘેર વધાઈયું. હરી. (૪૩૪)

આશાજી કમલાકુવર ભગત તારે, ચીણખ નગરી માંહેજી;
સાડી સાત ક્રોડ ત્યાં મોમન હોશે, નીત નીત કરે વધાઈયું.
હરીૹ (૪૩૫)

આશાજી સુરજા રાણી બહુ સુખ પામે, શાહજીના છત્ર હેઠેજી;
ખેલ સંપુરણ સરવે જોશે, જોશે ગુરનરનો દીદાર. હરીૹ (૪૩૬)

આશાજી દસમેં અવતારે એવા થઈને ચાલો, છેલી કાયા કીધીજી;
છેલ્લા જીવ સામી ઉગારી લીઓ, કરો અનત વધાઈયું. હરી. (૪૩૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)